**ફોજદારી અપીલ નં.૧૩/૨૦૨૫**

## આંક–૫ લગત સંધાણ

1. અરજી વંચાણે લીધી. જે સબબ પક્ષકારોના વિ.વ.શ્રીઓને સાંભળ્યા. અપીલનું રેકર્ડ અને ખાસ કરીને વિ.ટ્રાયલ કોર્ટનું ફોજદારી પરચુરણ અરજી નં.૧૨૩/૨૦૨૩ ના કામે આંક–૩૬ થી આપવામાં આવેલ જજમેન્ટ ધ્યાને લીધું.

2. રેકર્ડ ઉપરની હકીકત ધ્યાને લેવામાં આવે તો, આ અપીલના કામના એપેલન્ટ તથા તેમના પુત્ર અને પુત્રવધુ કે જે આ કામે રીસ્પોડન્ટ નં.૩ અને ૪ છે તેમની સામે રિસ્પોડન્ટ નં.૧ દ્વારા ધી ડોમેસ્ટીક વાયોલન્સ એક્ટ અન્વયે અરજી દાખલ કરી જુદી જુદી દાદ માંગવામાં આવેલ હતી. જેમને હવે પછી આ જજમેન્ટમાં સરળતા ખાતર મૂળ પરચુરણ અરજીના કામેના તેમના દરજજા મુજબ એટલે કે, સામાવાળળા તરીકે ઉલ્લેખવામાં આવે છે. જ્યારે આ અપીલના રીસ્પોડન્ટ નં.૧ કે જેઓ મૂળ પરચુરણ અરજીના કામે અરજદાર હતા તેમને હવે પછી આ જજમેન્ટના કામે સરળતા ખાતર અરજદાર તરીકે ઉલ્લેખવામાં આવેલ છે. વિસાવદરના વિ.જ્યુડી. મેજી. ફર્સ્ટ ક્લાસ કોર્ટ દ્વારા ફોજદારી પરચુરણ અરજી નં.૧૨૩/૨૦૨૩ ના કામે આંક–૩૬ થી આપવામાં આવેલ જજમેન્ટ મુજબ માત્ર હાલના એપેલન્ટ સામે દાદ મંજુર કરતા તે હુકમથી નારાજ એપેલન્ટ દ્વારા અપીલ દાખલ કરેલ છે. સાથે સાથે આંક–૦૫ થી વિ.ટ્રાયલ કોર્ટના હુકમની અમલવારી મૌકુફ રાખવા માટે હાલની અરજી દાખલ કરેલ છે. આ જજમેન્ટમાં હવે પછી સરળતા ખાતર સદર વિસાવદરના વિ.જ્યુડી. મેજીસ્ટ્રેટ કોર્ટને વિ.ટ્રાયલ કોર્ટ અથવા વિ.મેજીસ્ટ્રેટ કોર્ટ તરીકે ઉલ્લેખવામાં આવેલ છે.

3. એપેલન્ટના વિ.વ.શ્રીની રજૂઆત મુજબ એપેલન્ટ ૬૮ વર્ષના વૃદ્ધ ઉંમરની વિધવા છે, તેઓની પોતાની કોઇ આવક નથી, પોતે નિવૃત જીવન જીવે છે, અગાઉ તેઓના પતિ ખેતી કામ કરતા હતા. પોતે પણ પોતે ઘરકામ કરતા હતા અને હાલ એપેલન્ટ જાતે તેમના દીકરા ઉપર આશ્રીત છે અને પોતે નામદાર કોર્ટના હુકમ મુજબની કોઇ રકમ ભરવા સક્ષમ નથી. વિ.વ.શ્રીએ વધુમાં દલીલ કરેલ છે કે, ધી પ્રોટેકશન ઓફ વુમન ફ્રોમ ડોમેસ્ટીક વાયોલન્સ એક્ટ ૨૦૦૫ કે જેને હવે પછી સદર કામે સરળતા ખાતર ડોમેસ્ટીક વાયોલન્સ એક્ટ તરીકે ઉલ્લેખવામાં આવેલ છે. જેની કલમ ૨ (ક્યું) ની જોગવાઇને ઘ્યાને લેતા, કુટુંબીની સ્ત્રી સભ્યા સામે આ કાયદા હેઠળની કોઇ દાદ મળવાપાત્ર નથી. વધુમાં વિ.વ.શ્રીએ દલીલ કરેલ છે કે, અરજદારને ખેતીની આવક છે અને અરજદારણના સસરાએ તેણીને અઢી વીઘા જમીન વાવવા માટે આપેલ છે, રહેણાંક માટેનું અલગથી મકાન આપેલ છે. જે કોઇ હકીકતને વિ.ટ્રાયલ કોર્ટ દ્વારા ઘ્યાને લેવામાં આવેલ નથી. ખરી હકીકતે અરજદારને સદર ખેતીની જમીન પોતાના નામે કરીને બીજા પુરૂષ પાસે કે જેમની સાથે તેણીને સબંધ છે તેની સાથે પરણવા માગે છે. વળી, અરજદારણ તેણીના પતિના મૃત્યુ બાદ ૧૦ વર્ષ ઉપરાંતથી તેના માવતરે રહે છે. જે તમામ રેકર્ડ ઉપરની હકીકતને ઘ્યાને લેતા, એપેલન્ટ કોઇપણ રકમ રીસ્પોડન્ટ નં.૧ ને ચુકવવા જવાબદાર ઠરતા નથી. જેથી જ્યાં સુધી આ અપીલનો નિર્ણય ન થાય ત્યાં સુધી વિ.ટ્રાયલ કોર્ટના ફોજદારી પરચુરણ અરજી નં.૧૨૩/૨૩ ના કામે આંક-૩૬ થી રજૂ ચુકાદાની અમલવારી સ્થગીત કરવા અરજ ગુજારેલ છે.

4. જે સામે રીસ્પોડન્ટ નં.૧ એટલે કે, મૂળ ફોજદારી પરચુરણ અરજીના અરજદાર તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થયેલ છે અને તેમના તરફે રજૂઆત કરે છે કે,

અરજદારણને તેણીના પતિના અવસાન બાદ સાસરીમાંથી કાઢી મુકેલ છે, તે બાબતે તેણીએ પોલીસમાં અરજી કરેલ છે, જે હકીકત રેકર્ડ ઉપર છે, સામાવાળા ખેતીની જમીન ધરાવે છે અને સદ્ધર છે તેમજ ખેતીની આવક ધરાવે છે ત્યારે નિવૃતી માની શકાય નહિ. વિ.ટ્રાયલ કોર્ટના હુકમ મુજબ રૂા.૯૫,૦૦૦/– જેવી રકમ અરજદારની બાકી પડતી હોય હુકમ સ્થગિત ન કરવા અરજ ગુજારેલ છે.

5. પક્ષકારો તરફેની ઉપરોકત રજૂઆત સાથે રેકર્ડ ઉપરની હકીકતને અને ખાસ કરીને ફોજદારી પરચુરણ અરજી નં.૧૨૩/૨૩ ના કામેનો વિ.ટ્રાયલ કોર્ટનો ચુકાદો ઘ્યાને લેવામાં આવે તો અરજદાર દ્ધારા તેણીને તથા તેના પુત્રને અરજદાર તરીકે દર્શાવીને તેણીના સાસુ કે જે આ કામના એપેલન્ટ છે તે તથા તેણીના જેઠ અને જેઠાણી કે જે આ અપીલના રીસ્પોડન્ટ નં.૩, ૪ નાઓ છે. તેમની વિરુદ્ધ ડોમેસ્ટીક વાયોલન્સ એકટ અન્વયેની કલમ ૧૨ અન્વયે સદર કાયદાની કલમ ૧૮ થી ૨૩ મુજબની દાદ માંગેલ છે. પરંતુ વિ.ટ્રાયલ કોર્ટના સમગ્ર હુકમમાં કયાં કારણસર રીસ્પોડન્ટ નં.૩, ૪ નાઓને જવાબદારીમાંથી મુકત કરેલ છે અને માત્ર એપેલન્ટની સામે હુકમ કરેલ છે તેની કોઇ સ્પષ્ટતા કરેલ નથી.

6. આ ઉપરાંત ડોમેસ્ટીક વાયોલન્સ એકટની કલમ ૨ (કયું) ને ઘ્યાને લેતા, એપેલન્ટ કે જે પોતે પણ સ્ત્રી છે તેમની વિરુદ્ધ કયાં સંજોગોમાં હુકમ કરેલ છે તે બાબતે પણ કોઇ સ્પષ્ટતા કરેલી નથી.

7. વિ.ટ્રાયલ કોર્ટના ચુકાદાથી જ એ હકીકત સ્પષ્ટ થાય છે કે, અરજદારણ કે જે આ કામના રીસ્પોડન્ટ છે તેઓ જાતે તેમના આંક–૧૨ ના મૌખિક પુરાવામાં સ્વીકાર કરે છે કે, તેણીના લગ્ન થયા ત્યારે તેણીના સસરાએ રહેવા માટે જુદુ મકાન બનાવી આપેલું. વિ.ટ્રાયલ કોર્ટના સદર ચુકાદામાં સામાવાળા નં.૧ એટલે કે, હાલના

એપેલન્ટનો આંક–૨૯ થી રજૂ પુરાવાનો ઉલ્લેખ છે. જેમાં એપેલન્ટ જણાવે છે કે, તેઓના ગામમાં બે મકાન હતા. જે બંન્ને મકાન તેણીના બંન્ને છોકરાઓને એક એક મકાન આપી દીધેલ છે. એટલું જ નહિ ઉલટ તપાસમાં સદર એપેલન્ટ જણાવે છે કે, અરજદારનું ગામમાં જે જુદુ ઘર છે તેમાં અરજદારને રહેવાની ક્યારે ના પાડેલી નથી.

8. વિ.ટ્રાયલ કોર્ટના રેકર્ડને ધ્યાને લેવામાં આવે તો, અરજીના કામે સામાવાળા નં.૨ કે જેઓ આ કામના રીસ્પોડન્ટ નં.૩ છે. તેઓનો આંક–૩૨ થી પુરાવો રજૂ છે. જેમાં તેઓ પણ સ્પષ્ટ પુરાવો રજૂ રાખે છે કે, અરજદારનું ગામમાં જુદુ ઘર છે. જેમાં તેણીને રહેવાની સામાવાળા દ્વારા ક્યારેય ના પાડેલ નથી અને તેઓના પિતાએ તેમની હયાતીમાં બંન્ને ભાઇઓને જુદા મકાન બનાવી આપેલા.

9. મૂળ અરજીના કામે સામાવાળા નં.૩ કે જેઓ આ કામના રીસ્પોડન્ટ નં.૪ છે તેમનો આંક–૩૩ થી પુરાવો રજૂ છે. જેમાં તેઓ પણ એવો સમર્થનકારી પુરાવો રજૂ રાખે છે કે, તેમના સસરાએ તેમની હયાતીમાં બંન્ને ભાઇઓને જુદા મકાન કરી આપેલા અને તે રીતે અરજદારનું ગામમાં જુદુ ઘર છે. જેમાં તેને રહેવાની ક્યારેય ના પાડેલ નથી.

10. રેકર્ડ ઉપરની આ તમામ હકીકત અને ખાસ કરીને અરજદારની પોતાની કબુલાતથી એ હકીકત સ્પષ્ટ થાય છે કે, અરજદારણને ગામમાં રહેવા માટે સાસરીપક્ષ તરફથી અગાઉ મકાન પુરુ પાડી દેવામાં આવેલ છે. જે કોઇ હકીકતને ધ્યાને લીધા વીના વિ.ટ્રાયલ કોર્ટ દ્વારા માસીક ભાડાની રકમ પેટે રૂા.૧,૦૦૦/– ચુકવી આપાવાનો સામાવાળા નં.૧ એટલે કે, આ કામના એપેલન્ટની વિરુદ્ધમાં જે હુકમ કરેલ છે તે પ્રથમ દર્શનીય રીતે યોગ્ય મુલ્યાંકન વીનાનો હોવાનું હાલના તબકકે જણાય આવે છે.

11. તેવી જ રીતે અરજદારણ જાતે તેણીના આંક–૧૨ ની સરતપાસમાં જણાવે છે કે, તેણીના પતિ દસેક વર્ષ પહેલા ગુજરી ગયેલા અને તેઓની પાણીડોળની ક્રીયા બાદ અરજદારણ તેમના પુત્ર મીલન એટલે કે, અરજદાર નં.૨ સાથે તેણીની માતાને ત્યાં હરીપુર મુકામે રહેવા ચાલ્યા ગયેલા. અરજદારણ જાતે તેમની સરતપાસમાં જણાવે છે કે, અરજદારણ તેણીના પતિના મૃત્યુ બાદ ૧૦ વર્ષથી તેમના માવતરે હરીપુર મુકામે રહે છે. ઉપર અગાઉ કરેલ ચર્ચા મુજબ અરજદારણના જેઠ–જેઠાણીનાઓને અરજદારણના સસરાએ અગાઉ અલગથી મકાન કરી આપેલ છે અને તેઓ પણ અલગથી બીજા મકાનમાં રહે છે. સામાવાળા નં.૧ એટલે કે, હાલના એપેલન્ટનાઓ તેઓની આંક–૨૯ ની ઉલટ તપાસના રજૂ પુરાવાના ધ્યાને લેતા, એપેલન્ટ તેમની ઉલટ તપાસમાં પણ જણાવે છે કે, અરજદાર તેણીના માવતરે રહે છે. અરજદારની અરજીમાં પણ અરજદારનું સરનામું તેમના માતવરના ગામનું એટલે કે હરીપુર મુકામેનું છે. આ સંજોગોમાં ડોમેસ્ટીક વાયોલન્સ એક્ટની કલમ– ૨ (જી) મુજબ ક્યારે, કેવી રીતે, કોના દ્વારા, કઈ તારીખે અરજદારણ સાથે ઘરેલું હીંસા આચરેલ છે. તેના કોઈપણ જાતના સ્પષ્ટ પુરાવા વીના સામાવાળા નં.૧ એટલે કે, હાલના એપેલન્ટને જવાબદાર ઠરાવતો વિ.ટ્રાયલ કોર્ટનો હુકમ પ્રથમ દર્શનીય રીતે પુરાવાના અપુરતા મુલ્યાંકન સાથેનો હોવાનું માનવાને આ અદાલતને આ તબકકે કારણ રહે છે.

12. અરજદારણ તેણીના આંક–૧૨ ના મૌખિક પુરાવા દરમિયાન જણાવે છે તેમ તેણીની સામાવાળા સાથે રહેવા માટે સસરે જાય ત્યારે સામાવાળા તેણીને રહેવા દેતા નથી અને અગાઉ તેણીએ તા.૨૫/૦૫/૨૩ ના રોજ જામકંડોરણા પોલીસ સ્ટેશનમાં સામાવાળા વિરુદ્ધ પોલીસ ફરિયાદ કરેલ છે. તેટલા માત્રના આધારે

અરજદારણ સાથે ઘરેલું હીંસા આચરેલ છે તેવું વિ.ટ્રાયલ કોર્ટનો નિર્ણયની યોગ્યતા બાબતે અપીલ અદાલત તરીકે આ અદાલતે ગુણદોષ ઉપર નિર્ણય કરવો જરૂરી જણાય છે.

13. અરજદારણના આંક–૧૨ ના પુરાવા મુજબ તેણીના પતિના અવસાન બાદ તેણી સાસરે ગયેલી ત્યારે તેણીના સસરા સહીતના અન્ય સાસરીયાઓ ભેગા થયેલા અને અરજદારણનું ગુજરાન ચલાવવા માટે અરજદારણને જમીનમાંથી અઢી વીઘા જમીન આપેલી. અરજદારણના પુરાવા મુજબ તેણીની આ અઢી વીઘા જમીનમાં વાવણી કરતા હતા અને આ જમીનની ઉપજ અંગેના ખરીદ વેચાણનું કામ ભગાભાઈ કરતા હતા. અરજદારના પુરાવા મુજબ તેણીને વાવવા આપેલી જમીન એમનેમ પડી રહેલ છે. તેવી જ રીતે અરજદારણના સાહેદ પરેશભાઈ તેઓના આંક–૧૭ ના પુરાવામાં સ્વીકાર કરે છે કે, સાસરીયાઓની જમીનના રેવન્યું રેકર્ડમાં અરજદારણનું નામ પણ ચાલે છે. ત્યારે અરજદારણને આવકનું કોઈ સાધન નથી તેવી અરજદારની હકીકત માનીને તેણીને વીજળી ખર્ચ પેટે માસિક રૂા.૫૦૦/– ચુકવી આપવાનું સામાવાળા નં.૧ ને જે હુકમ કરવામાં આવેલ છે તે તથા ભરણપોષણ પેટે અરજદાર નં.૧ અને ૨ નાઓને અનુક્રમે માસિક રૂા.૨,૦૦૦/– અને રૂા.૧,૦૦૦/– ચુકવતો જે હુકમ કરેલ છે તેની યોગ્યતા ચકાશ્યા વીના રકમ ચુકવી આપવાનો જે હુકમ થયેલ છે તે સ્થગીત કરવા બાબતેની એપેલેન્ટની રજૂઆત ગ્રાહ્ય રાખવા પાત્ર છે. વળી, અરજદાર નં.૨ કે જે આ કામે રીસ્પોડન્ટ નં.૨ છે તે અરજદારનો સગીર પુત્ર છે. તે સંજોગોમાં ડોમેસ્ટીક વાયોલન્સ એક્ટ અન્વયે તેના ભરણપોષણની રકમ નિર્ધારીત કરતો હુકમ પણ ચકાસણીને પાત્ર ઠરે છે. અરજદારણ ખેતી કરવા સક્ષમ છે, તેણીની અન્ય કોઈની સાથે ભાગમાં પણ

ખેતી કરે શકે તેમ છે. આમ છતા, તેણીની પોતાની રજૂઆત મુજબ જ્યારે સદર જમીન તેણીને વાવવા આપેલી તે વાવેતર વગરની એમનેમ પડી રહેલ છે ત્યારે તે માટે સામાવાળાને જવાબદાર ઠેરવીને ભરણપોષણ તથા વીજળી ખર્ચ ચુકવવાનો જે હુકમ કરેલ છે. તે હુકમ પુનઃ ચકાસણીને પાત્ર ઠરે છે.

14. આ સંજોગોમાં આ અપીલનો આખરી ન્યાયીક નિર્ણય ન થાય ત્યાં સુધી વિ.ટ્રાયલ કોર્ટ દ્વારા ફો.પ.અ. નં.૧૨૩/૨૩ ના કામે આંક-૩૬ થી જે હુકમ કરેલ છે તેની અમલવારી મૌકુફ રાખવાની એપેલન્ટની રજૂઆત ગ્રાહ્ય રાખવા પાત્ર જણાય છે અને તેથી ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>હુ ક મ</u>**

૧. અરજી મંજુર.

૨. વિ.ટ્રાયલ કોર્ટ દ્વારા ફો.પ.અ. નં.૧૨૩/૨૩ ના કામે આંક-૩૬ થી જે હુકમ કરેલ છે તેની અમલવારી આ અપીલનો આખરી ન્યાયીક નિર્ણય ન થાય ત્યાં સુધી મૌકુફ રાખવાનો આથી હુકમ કરવામાં આવે છે.

૩. આ અરજીનો ખર્ચ અપીલના આખરી નિર્ણયને અનુસરશે.

આ હુકમ આજ તા.૩૧ મી, માહે-મે, સને-૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**મુકામ-વિસાવદર.**
**તારીખ-૩૧/૦૫/૨૦૨૫**

**( હેતલકુમાર વિનોદરાય જોષી )**
**ચોથા એડીશનલ સેશન્સ જજ,વિસાવદર.**
**કોડ નં. જીજે-૦૦૫૯૯**